# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com


રેફ નં. તા: ૧૪–૦૮ – ૨૦૧૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.
લિ.
આપનો વિશ્ર્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બરમાં ઓન લાઈન 'ઈ–વોટીંગ' પધ્ધતિની જાણકારી માટે મીટિંગ યોજાઈ

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સુરત સીટીઝન્સ કાઉન્સિલ ટ્રસ્ટ ના સંયુકત ઉપક્રમે તથા સુરત મહાનગર પાલિકાના સહયોગથી સુરત મહા નગર પાલિકાની આગામી સામાન્ય ચૂંટણીમાં રાજય ચૂંટણી પંચ ધ્વારા ઓનલાઈન 'ઈ–વોટીંગ' વિશે જાણકારી આપવા માટે એક જાહેર મીટિગનું આયોજન કરવામાં આવ્યું હતું.આ મીટિંગમાં રાજય ચૂંટણી પ્રચ તરફથી ટાટા કન્સલ્ટન્સીના પ્રતિનિધી શ્રી શૈલ વોરાએ ઓનલાઈન ઈ–વોટીંગના વિકલ્પ વિશે વિસ્તૃત જાણકારી આપી હતી.

કાર્યક્રમના આરંભે ચેમ્બર પ્રમુખ અજોય ભટ્ટાચાર્યએ સ્વાગત ઉદબોધનમાં કહયું હતુ કે,સમય સાથે બદલાવાની જરૂર છે એટલે મતદાન માટેની જે નવી પધ્ધતિ ભારતમાં આવનાર છે તેને અપનાવવાની શરૂઆત કરવાની જરૂર છે.આ ઈ–વોટીંગના નવા અભિગમ વિશે વિશાળ જાગૃતિ લાવવાની આવશ્યકતા છે.

સીટીઝન કાઉન્સિલના પ્રમુખશ્રી શરદભાઈ કાપડિયાએ રાજયના ચૂંટણી પંચ ધ્વારા નિયુકત કરાયેલા ટાટા કન્સલ્ટન્સીના પ્રતિનિધિ અને આજના મુખ્ય વકતા શ્રી શૈલ વોરાનો પરિચય આપ્યો હતો અને સુરત મનપાની આગામી ચૂંટણીમાં ઈ–વોટીંગ પધ્ધતિના સંભવિત ફાયદાઓની જાણકારી આપી હતી.

શ્રી શૈલ વોરાએ ઈ–વોટીંગ પધ્ધતિની પ્રાથમિક જાણકારી આપતાં જણાવ્યું હતું કે,પહેલા બેલેટ પેપરથી મતદાન થતું હતું,કાળક્રમે ઈવીએમથી બટન દબાવીને મતદાનની પધ્ધતિ આવી હવે વિદેશના કેટલાક રાષ્ટ્રો બાદ ભારતમાં આ પધ્ધતિ અપનાવવાના પ્રયોગના ભાગ રૂપે ગુજરાતમાં અમદાવાદ અને સુરતમાં એની શરૂઆત કરવામાં આવનાર છે.કોમ્પ્યુટર અથવા લેપટોપથી કેવી રીતે મતદાન કરી શકાય તેની સમજ તેમણે પ્રેઝન્ટેશન ધ્વારા આપી હતી.

સુરત મહાનગરપાલિકાના ડે.કમિશ્નર શ્રી સી.વાય.ભટ્ટે સુરતના અડાજણ વિસ્તારના વોર્ડ નંબર ૧૨ માં રહેનારા મતદારો ઘરબેઠા કઈ રીતે મતદાન કરી શકશે તેની વ્યવસ્થિત સમજ આપી હતી.તેમણે તથા મુખ્ય વકતાશ્રી શૈલ વોરાએ શ્રોતાઓના પ્રશ્નોના વિસ્તૃત ઉત્તરો આપ્યા હતા.

સીટીઝન કાઉન્સિલના પ્રમુખશ્રી શરદભાઈ કાપડિયાએ આ નવી પધ્ધતિ ખાસ કરીને વૃધ્ધો તથા બીમાર વ્યકિતઓ માટે આશિર્વાદરૂપ પૂરવાર થશે એવી આશા વ્યકત કરી આભારવિધિ આટોપી હતી.